ચાણક્ય ગ્રુપનું કડક અભિગમવાળું દૈનિક

# ધી ન્યુઝલાઇન

વર્ષ : ૨૪ અંક ૦૯૨ તારીખ ૧૬-૧૨-૨૦૧૭ પાનાં : ૪ માલિક : જયની પબ્લીશર્સ તંત્રી : શ્રી રણછોડ એન. શાહ સહ તંત્રી : રાધિકા ગંજવાલા

# એક્સિસ બેન્ક ધીમા સુધારા સાથે રૂ. ૫૬૨નો ભાવ બતાવે

ગયા અંકમાં **ટાટા ગ્લોબલ**ના શેરમાં ઉછાળાનો સંકેત આપેલો અને તે મુજબ ટાટા ગ્લોબલના શેરમાં સપ્તાહની શરૂઆતની નબળાઈ છતાં મજબૂત સુધારા સાથે રૂ. ૨૮૮નો ભાવ આવ્યો છે અને આગામી દિવસોમાં આ શેરમાં હજી સુંદર ઉછાળાની જગ્યા છે.

તેવી જ રીતે **મારુતિ**ના શેરમાં પણ રૂ. ૮૬૦૯ના ભાવે ઉછાળાની વાત કરી હતી અને એમ પણ નવેમ્બર મહિનાના વેચાણોના આંકડા ખૂબ જ પ્રોત્સાહક આવ્યા છે અને તેના સપોર્ટની સાથે મારુતિના શેરમાં અત્યારે રૂ. ૯૦૪૨નો ભાવ જોવાયો છે અને આગામી દિવસોમાં હજી આ શેરમાં મજબૂત ઉછાળા સાથે રૂ. ૯૧૫૦નો ભાવ આવી જાય તે સંભાવના મજબૂત છે.

સામે પક્ષે **મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા**ના શેરમાં ગયા અઠવાડિયે તેજીની વાત કરી હતી પરંતુ શરૂઆતની બે સેશનમાં સમગ્ર બજારની સાથે સાથે આ શેરમાં પણ ઘટાડાનો ટ્રેન્ડ જોવાયો અને ગયા અઠવાડિયાના રૂ. ૧૪૦૯ની સામે શેર અત્યારે રૂ. ૧૩૮૮ ઉપર આવી ગયો છે અને આગામી દિવસોમાં આ શેરમાં હજી મજબૂત ઉછાળાની જગ્યા છે.

## **લાર્સન એન્ડ ટુબ્રો**ના શેરમાં આકર્ષણ વધતું જાય છે

ગયા અઠવાડિયે **એનટીપીસી**ના શેરમાં પણ ઉછાળાનો સંકેત આપ્યો હતો અને એનટીપીસી ગયા અઠવાડિયે રૂ. ૧૮૧ ઉપર હતો અને સેન્સેક્સ અને નિફ્ટીના સોમવાર અને મંગળવારના ઘટાડા પછી પણ આ શેર રૂ. ૧૮૧ ઉપર જ જળવાઈ રહ્યો છે અને એક વખત બજારનું એકંદરે સેન્ટીમેન્ટ સુધરે તેના સપોર્ટની સાથે આ શેરમાં પણ રૂ. ૨૦૦ ઉપરના ભાવની ગણતરી છે.

**ઝી એન્ટરટેન્મેન્ટ**માં પણ ઉછાળાની વાત કરી હતી અને ગયા અઠવાડિયે ઝી એન્ટરટેન્મેન્ટ બે સેશન ઘટ્યા પછી ફરી વખત રૂ. ૫૬૩ ઉપર આવી ગયો છે અને આ શેરમાં હજી પણ તેજીની પોઝિશન જાળવી શકાય.

**યસ બેન્ક**નો શેર મજબૂત અપટ્રેન્ડમાં છે અને યસ બેન્કના શેરને ફંડામેન્ટલનો પણ સુંદર સપોર્ટ મળતો હોવાથી આગામી દિવસોમાં રૂ. ૩૧૨.૭૦થી વધીને યસ બેન્કમાં રૂ. ૩૨૦-૩૨૨ના ભાવની સંભાવના મજબૂત છે.

**ઈન્ફોસિસ**ના શેરમાં આકર્ષણ દર્શાવેલું અને બાયબેકની સાથે સાથે આ શેર પણ વધતો જશે અને રૂ. ૧૧૦૦ ઉપર આવશે તેવી ગણતરી દર્શાવેલી. ઈન્ફોસિસ અત્યારે રૂ. ૧૦૦૨ ઉપર આવી ગયો છે અને આગામી દિવસોમાં આ શેરમાં ધીરે ધીરે સુધારા સાથે રૂ. ૧૦૨૦નો ભાવ અને તે પછી રૂ. ૧૦૪૦નો ભાવ જોવા મળે તે સંભાવના મજબૂત છે.

**ભારતી એરટેલ**માં મજબૂતીનો ટ્રેન્ડ જળવાયો. ભારતી એરટેલ અત્યારે રૂ. ૫૨૫ ઉપર આવી ગયો છે અને આગામી દિવસોમાં આ શેરમાં હજી




મજબૂત ઉછાળાની જગ્યા દેખાય છે.

તેવી જ રીતે **એક્સિસ બેન્ક** અત્યારે રૂ. ૫૪૨ ઉપર છે અને એક્સિસ બેન્ક ધીમા સુધારા સાથે રૂ. ૫૬૨નો ભાવ બતાવે તે સંભાવના મજબૂત છે.

**લાર્સન એન્ડ ટુબ્રો**ના શેરમાં આકર્ષણ વધતું જાય છે. લાર્સન અત્યારે રૂ. ૧૨૨૦ ઉપર છે અને તેમાં રોકાણ જાળવી શકાય. ધીમા અપટ્રેન્ડ સાથે રૂ. ૧૨૪૦ના ભાવની સંભાવના મજબૂત છે.

**કોટક**નો શેર રૂ. ૧૦૦૯ ઉપર આવી ગયો અને આગામી દિવસોમાં કોટકના શેરમાં ધીરે ધીરે ભાવ વધીને રૂ. ૧૦૪૦નો ભાવ જોવા મળવાની ગણતરી છે. થોડાંક શેરો લઈને મૂકી દેવાય.

**રિલાયન્સ**નો શેર અત્યારે કોન્સોલિડેશન અને ટૂંકી વધઘટના તબક્કામાં ચાલી રહ્યો છે. રૂ. ૯૨૧વાળા આ શેરમાં આગામી દિવસોમાં ધીમા ઉછાળાની જગ્યા છે. શેર જાળવી રાખવો સલાહભરેલ.

લાંબા સમયગાળા પછી નબળાઈ બતાવ્યા પછી **ઈન્ડિયન ઓઈલ**નો શેર અત્યારે રૂ. ૪૦૫ ઉપર છે અને કરેક્શન પૂરું કરીને આ શેર ધીરે

શાંત ચિત્ત માટે મગજને સતેજ રાખે તેમજ ચિંતા, અકળામણ, ગુસ્સો દૂર કરે તે માટે વૈજ્ઞાનિક ઢબે તૈયાર થતું ક્રોસવર્ડ મેગેઝીન

મગજમારી ભેજામારી

નિવૃત્ત લોકો, ગૃહિણીઓ, બાળકો, ચાલીસીમાં પ્રવેશી ચૂકેલાઓ માટે બેસ્ટ

દર બુધવારે, કોપી બુક કરવો

ધીરે તેજીતરફી થવા લાગ્યો છે અને તેથી આ શેરમાં થોડું રોકાણ કરી શકાય.

એફએમસીજી શેરોમાં મજબૂત આકર્ષણ છે અને આગામી દિવસોમાં એફએમસીજી સેક્ટરની મજબૂત કંપની **હિંદુસ્તાન યુનિલીવર**નો શેર રૂ. ૧૩૨૬ ઉપર છે અને આગામી દિવસોમાં તેમાં રૂ. ૧૩૪૬ અને તે પછીના ઉછાળે રૂ. ૧૩૬૬નો ભાવ જોવા મળવાની ગણતરી. શોર્ટટર્મમાં ખેલાડીઓ રૂ. ૧૪૦૦ ઉપરનો ભાવ જોઈ રહ્યા છે.

**ગેઈલ**ના શેર અંગે છેલ્લાં ઘણાં સમયથી ઉછાળાની વાત કરી હતી અને ગેઈલને હવે ડિફેન્સીવ સેક્ટરના શેર તરીકે પણ ગણી શકાય. બજારની વધઘટ વચ્ચે ગેસની માંગમાં ખાસ વધઘટ નથી થતી અને તે પાછળ રૂ. ૪૮૨થી વધીને રૂ. ૫૦૦ ઉપરનો ભાવ આવવાની સંભાવના મજબૂત છે.

**લ્યુપિન** છેલ્લાં થોડાં દિવસોથી નબળાઈના તબક્કામાં હતો અને લ્યુપિનમાં કરેક્શન પૂરું થયું અને અત્યારે રૂ. ૮૨૨-૮૨૩નો ભાવ આવ્યો છે અને આ લેવલથી આગામી દિવસોમાં ધીરે ધીરે સુધારાનો ટ્રેન્ડ જોવા મળવાની ગણતરી છે. તેવી જ રીતે **બીપીસીએલ**નો શેર પણ કરેક્શનનો તબક્કો પૂરો કરીને હવે તેજીતરફી થયો છે અને આગામી દિવસોમાં આ શેરમાં મજબૂત વૃદ્ધિની ગણતરી છે.

ગયા અઠવાડિયે **ઈન્ડિયાબુલ્સ હાઉસિંગ ફિનાન્સ**માં થોડી નબળાઈનું કહ્યું હતું અને શરૂઆતની બે સેશન ઘટ્યા પછી ઈન્ડિયાબુલ્સ હાઉસિંગ ફિનાન્સ અત્યારે રૂ. ૧૨૦૫ ઉપર આવી ગયો. આ શેરમાં મેજર અપટ્રેન્ડ છે અને તેથી રોકાણ જાળવી શકાય.

**એશિયન પેઈન્ટ** અત્યારે રૂ. ૧૧૩૫ ઉપર છે અને આગામી દિવસોમાં આ શેરમાં હજી થોડી નબળાઈ જોવાવાની ગણતરી. જ્યારે રૂ. ૧૯૫૫૦ ઉપરના **બોશ**ના શેરમાં પણ વધારે નબળાઈની સંભાવના છે અને આગામી દિવસોમાં રૂ. ૧૯૦૦૦નું લેવલ એક વખત તૂટી જાય તોપણ નવાઈ નહીં લાગે.

**ભારતી ઈન્ફ્રાટેલ** અત્યારે ઘટીને રૂ. ૩૭૩.૭૦ ઉપર આવી ગયો છે અને ભારતી ઈન્ફ્રાટેલમાં આગામી દિવસોમાં હજી ઘટાડાની સંભાવના મજબૂત. એક તબક્કે રૂ. ૩૬૫ના ભાવની સંભાવના પણ દેખાય છે.

**ડો. રેડ્ડીઝ**નો શેર પણ નબળાઈના તબક્કામાં છે. અત્યારે રૂ. ૨૧૮૫વાળા આ શેરમાં આગામી દિવસોમાં ભાવ વધારે તૂટીને રૂ. ૨૧૫૦ સુધી આવી જવાની ગણતરી.

સામે પક્ષે **ટાટા મોટર્સ**ને ફંડામેન્ટલનો મજબૂત સપોર્ટ છે. કરેક્શન પૂરું કરીને અત્યારે રૂ. ૪૧૧ ઉપર આવ્યો છે અને આગામી દિવસોમાં પણ આ શેરમાં ભાવ ઝડપથી વધવાની ગણતરી.

**બજાજ ફિનાન્સ** રૂ. ૧૭૦૨ના ભાવે ધ્યાનમાં રખાય અને તેમાં પણ કરેક્શન પૂરું થયા પછી હવે નવો સુધારો શરૂ થઈ ગયો છે.

સામે પક્ષે **હિરો મોટોકોર્પ**નો શેર અત્યારે રૂ. ૩૫૧૯.૫૫ ઉપર છે અને નવા અઠવાડિયા દરમિયાન આ શેર રૂ. ૩૪૦૦ સુધી ઉતરી જાય તે સંભાવના દેખાય છે અને તેથી શોર્ટટર્મ એંગલથી કામ કરનારાઓ થોડી રાહ જોશે તો વધારે નીચા ભાવે શેર લેવાની તક મળી શકશે.

**અદાણીપોર્ટ**માં ગયા અઠવાડિયે ઘટાડાની સંભાવના દર્શાવેલી અને તે મુજબ અદાણીપોર્ટ રૂ. ૩૮૬થી ઘટીને રૂ. ૩૭૮ થયા પછીની ૩ સેશનોમાં વધી અત્યારે રૂ. ૩૯૨ ઉપર આવ્યો છે અને આગામી દિવસોમાં આ શેરમાં મજબૂત ઉછાળાની જગ્યા દેખાય છે. થોડાંક શેરો જાળવી શકાય.

**એશિયન પેઈન્ટ**નો શેર અત્યારે રૂ. ૧૧૩૫ ઉપર છે અને આગામી દિવસોમાં આ શેરમાં હજી નાના ઘટાડાની જગ્યા દેખાય છે અને તેથી જેમણે લોંગટર્મ એંગલથી રોકાણ કરવું છે તેમને માટે આ શેર ઉત્તમ છે.

કરેક્શન પતાવીને **હિંડાલ્કો** રૂ. ૨૩૯.૭૦ ઉપર છે અને આગામી દિવસોમાં આ શેરમાં ધીમો સુધારો જોવાશે તેવી ગણતરી છે.

આખરે જેની આતુરતાથી રાહ જોવાતી હતી તે પગલું ફેડરલ રિઝર્વે લીધું છે. ફેડરલ રિઝર્વ દ્વારા ૧૩મી ડિસેમ્બરે વ્યાજદરમાં ૨૫ બેઝિક પોઈન્ટનો વધારો કરાયો અને સને ૨૦૧૭ આખરમાં વ્યાજદરમાં આ વધારાની અપેક્ષા હતી. ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં વધારો આવશે તે અપેક્ષાએ આગલી સેશનથી જ અમેરિકન શેરબજારોમાં સુધારાનો ટ્રેન્ડ જોવાતો હતો અને હવે અમેરિકામાં વ્યાજદર ૧.૫૦ ટકા થઈ ગયો છે. સાથે સાથે ફેડરલ રિઝર્વ ઓપન માર્કેટ કમિટી દ્વારા અમેરિકામાં જીડીપી વૃદ્ધિદરનો અંદાજ સપ્ટેમ્બર મહિનામાં ૨.૧ ટકાથી વધારીને ૨.૫ ટકા કર્યો છે. અગાઉ સપ્ટેમ્બરમાં ૨.૧ ટકા વૃદ્ધિનો અંદાજ આપવામાં આવેલો. સાથે સાથે સને ૨૦૧૮નો ફુગાવાનો અંદાજ પણ ૧.૬ ટકાથી વધારીને ૧.૭ ટકા કરાયો છે.

ફેડરલ રિઝર્વ દ્વારા સ્પષ્ટ રીતે સ્વીકારાયું છે કે જોબ માર્કેટ અત્યારે ખૂબ જ મજબૂત છે અને ૩૧મી ઓક્ટોબરની મિટીંગમાં જોબમાર્કેટ અંગે જે તારણ હતું તેમાં પણ તેણે સુધારો કર્યો છે અને પરિસ્થિતિ વધારે સારી છે અને તેને કારણે જોબમાર્કેટ વધારે સારું બનશે તેવું તારણ ફેડરલ રિઝર્વે દર્શાવ્યું છે.

ફેડરલ રિઝર્વ દ્વારા આ પગલાંની ઘણાં સમયથી અપેક્ષા હતી. પરંતુ આ જાહેરાતની સાથે સાથે તેણે જીડીપીના અંદાજમાં જે વધારો કર્યો છે તે ખૂબ જ મહત્ત્વની જાહેરાત છે અને આ જાહેરાત પછી ડાઉજોન્સ ઈન્ડસ્ટ્રીયલ એવરેજમાં રેકોર્ડ ટોપ જોવાયું હતું.

સામે પક્ષે ક્રૂડ તેલના ભાવ ૧ ટકો ઘટીને ૫૬.૬૦ ડોલર ઉપર આવી ગયા છે અને અમેરિકામાં ગેસોલિન સ્ટોકનું લેવલ વધ્યું હોવાને કારણે ક્રૂડ તેલના ભાવમાં ઘટાડાનો ટ્રેન્ડ જોવાયો હતો.

અમેરિકામાં અન્ય મહત્ત્વની જાહેરાતમાં પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કોર્પોરેટ ટેક્સ દર ૨૧ ટકા કરવાના ખરડા ઉપર તેઓ સહી કરશે તેવી જાહેરાત કરાઈ છે. અમેરિકન પ્રમુખ માટે અત્યારે સારો સમય ચાલી રહ્યો છે અને કોંગ્રેસમાં એક તરફ ટેક્સ રિફોર્મ ખરડાને બહાલી આપવામાં આવી અને સાથે સાથે સુપ્રિમ કોર્ટ દ્વારા ટ્રાવેલ અંકુશોને પણ મંજૂરી આપવામાં આવી હતી અને આ બે પગલાં પછી હવે અમેરિકન પ્રમુખ કરવેરાનું ભારણ ઓછું કરીને અમેરિકામાં ઈન્ફ્રાસ્ટ્રકચર ક્ષેત્રમાં જંગી મૂડીરોકાણ કરવા તત્પર છે અને કદાચ ઈન્ફ્રાસ્ટ્રકચરના આ મૂડીરોકાણમાં જ અમેરિકાની સરહદ ઉપરની દિવાલ બાંધવામાં આવે તે સંભાવના છે.

અમેરિકામાં કન્ઝયુમર પ્રાઈસ ઈન્ડેક્સમાં પણ નવેમ્બર મહિના દરમિયાન અપેક્ષિત ૦.૪ ટકાનો ઉછાળો જોવાયો હતો. સામે પક્ષે અમેરિકાના પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેક્સમાં પણ અર્થશાસ્ત્રીઓની ૦.૩ ટકાની વૃદ્ધિની અપેક્ષા સામે ૦.૪ ટકાનો વધારો થયો છે અને આ રીતે પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેક્સ અને કન્ઝયુમર પ્રાઈસ ઈન્ડેક્સ બંનેમાં ઉછાળાને કારણે સેન્ટીમેન્ટમાં નોંધપાત્ર વધારો થયો છે.

અન્ય એક મહત્ત્વના ડેવલપમેન્ટમાં અમેરિકા ખાતે બિઝનેસ કોન્ફીડન્સ ઈન્ડેક્સમાં ખાસ કોઈ જ વધઘટ નથી દેખાતી. ટેક્સ રિફોર્મના પગલાંને કોંગ્રેસ દ્વારા મંજૂરી મળી હોવા છતાં હજી પણ બિઝનેસ કોન્ફીડન્સ ઈન્ડેક્સમાં કોઈ ફેરફાર નથી અને ચોથા ક્વાર્ટર દરમિયાન સ્મોલ બિઝનેસ કોન્ફીડન્સ ઈન્ડેક્સ ૫૭ના લેવલ ઉપર જળવાઈ રહ્યો છે અને ત્રીજા ક્વાર્ટરમાં પણ આ લેવલ જ હતું. સિએનબીસી દ્વારા ૨૦૪૩ સ્મોલ બિઝનેસ માલિકોનો સરવે કરવામાં આવેલો અને એકંદરે તેમનું માનવું છે કે અમેરિકામાં બિઝનેસ કંડીશન સારી છે અને તેમની અપેક્ષા છે કે સરકાર દ્વારા કરવેરામાં ઘટાડો નવા વર્ષની શરૂઆતમાં જાહેર થશે.

સામે પક્ષે ભારતમાં ગુજરાતની ચૂંટણીઓનો બીજો તબક્કો ૧૪મી ડિસેમ્બરે પૂરો થયો છે અને તે પછી વિવિધ એજન્સીઓ દ્વારા એક્ઝિટ પોલ આપવાનું શરૂ કરાયું. પ્રથમ તબક્કાના મતદાન પછી ભાજપને બહુમતી મળશે તે આશાવાદ વધ્યો હતો. પરંતુ બીજા તબક્કાના મતદાન પહેલાં કોંગ્રેસ અને હાર્દિક પટેલનું પલ્લું થોડું ભારે દેખાતાં સટ્ટા માર્કેટમાં પણ અનિશ્ચિતતા વધી હતી અને આ અનિશ્ચિતતાને કારણે સટ્ટા માર્કેટના ખેલાડીઓએ નવા

(અનુ. પાના ૨ ઉપર)







- **મારુતિ**, નાના કરેક્શન પછી અત્યારે રૂ. ૯૧૦૦-૯૧૫૦ ઉપર મળી રહ્યો છે અને હવે એક્ઝિટ પોલ પોઝિટીવ આવતાં શેરોના ભાવમાં આકર્ષણ. ઝડપથી રૂ. ૯૭૦૦-૯૮૦૦ના ભાવની સંભાવના મજબૂત.
- **ઈન્ફોસિસ**, બાયબેક વિન્ડો ખૂલી ગઈ છે અને સાથે સાથે આ શેરમાં પણ વધી રહેલું આકર્ષણ. આગામી દિવસોમાં રૂ. ૧૧૦૦ ટચ કરીને રૂ. ૧૧૫૦-૧૨૦૦ના ભાવની સંભાવના મજબૂત.
- **ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન**, કરેક્શન પતાવીને ધીમા સુધારાનો ટ્રેન્ડ શરૂ કર્યો છે. અત્યારના રૂ. ૪૧૦-૪૧૫ના ભાવે શેર આકર્ષક. એકદમ શોર્ટટર્મ માટે લેશો તો પણ પૈસા મળશે. પરંતુ સહેજ લોંગટર્મ એંગલથી લેવામાં વધારે સલામતી અને વધારે રિટર્નની જગ્યા.
- **હિંદુસ્તાન યુનિલીવર**, સારા ચોમાસાની અસર અને જીએસટી પછીના નોર્મલ માહોલનો ફાયદો દેખાવાનું શરૂ થઈ ગયું છે. અત્યારના રૂ. ૧૩૨૨ના ભાવે શેર ખૂબજ આકર્ષક અને ધીમા સુધારા સાથે રૂ. ૧૫૦૦નો ભાવ થોડાં અઠવાડિયામાં જોવા મળે.
- **ટેક મહિન્દ્રા**, ભલે આ કંપનીનું સ્થાન ભારતની ટોચની ૫ આઈટી કંપનીઓમાં હોય. પરંતુ વૃદ્ધિની દષ્ટિએ પાંચેય આઈટી કંપનીઓમાં આ કંપનીની કામગીરી સૌથી સારી. રૂ. ૫૧૪ ઉપર તો આવી ગયો. ઘણાં વખતથી લેવડાવીએ છીએ. લીધા ના હોય તો હજી પણ લઈ શકાય. આવતાં થોડાં દિવસોમાં રૂ. ૫૫૫ના ભાવની સંભાવના મજબૂત છે.
- **ગેઈલ**, ગયા અઠવાડિયે પણ આ શેર કવર કરવાનું કહ્યું હતું. પરંતુ ગયા અઠવાડિયાની નબળાઈને કારણે સહેજ ઘટીને રૂ. ૪૮૭ ઉપર આવ્યો. ફાર્મા સેક્ટરની જેમ ડિફેન્સીવ શેર કહી શકાય. ગેસની માંગ દેશભરમાં વધતી જવાની અને સાથે સાથે ગેઈલની પાઈપલાઈનમાં પણ ગેસનું ટ્રાન્સમિશન વધવાનું, નવા કોઈ જ પ્રકારના મૂડીરોકાણ વગર. રૂ. ૪૮૭-૪૯૨ના ભાવે આકર્ષક. આગામી દિવસોમાં સુંદર ઉછાળાની જગ્યા.
- **બીપીસીએલ**, આ શેરે પણ કરેક્શન પતાવ્યું અને હવે મજબૂત ઉછાળામાં દાખલ થયો છે. રૂ. ૫૧૪ના ભાવે થોડાંક શેરો લઈને મૂકી દેવાય. ૧૨ મહિને સુંદર રિટર્નની જગ્યા.
- **એક્સિસ બેન્ક**, ફંડામેન્ટલનો ખૂબ જ સુંદર સપોર્ટ. મોટા પાયે શેર કવર થઈ રહ્યા છે. રૂ. ૫૪૧માં ખોટો નથી અને આગામી અઠવાડિયાઓમાં આ શેરમાં રૂ. ૬૦૦ પ્લસના ભાવની સંભાવના મજબૂત.
- **બજાજ ફિનાન્સ**, છેલ્લાં થોડાં દિવસોથી સતત કરેક્શન બતાવતો હતો અને એમ જોઈએ તો દિવાળી પછી આ શેરમાં કરેક્શન જોવાયેલું. રૂ. ૧૬૮૫ના ભાવે ખોટો નથી. કન્ઝયુમર ફિનાન્સમાં કંપનીનું પ્રથમ સ્થાન. નફો પણ સુંદર આપશે. ઉપરમાં રૂ. ૧૮૦૦-૨૦૦૦ના ભાવની મધ્યગાળે ગણતરી.
- **લાર્સન એન્ડ ટુબ્રો**, છેલ્લાં ૧ અઠવાડિયા દરમિયાન આ શેરમાં થોડું કરેક્શન જોવાયું. અત્યારે રૂ. ૧૧૮૮ ઉપર છે. હજી નાના ઘટાડાની જગ્યા દેખાય છે. તેમ છતાં ઈન્વેસ્ટમેન્ટ માટે ખૂબ જ આકર્ષક. આગામી દિવસોમાં સુંદર ઉછાળા સાથે રૂ. ૧૪૦૦ના ભાવની ગણતરી.
- **ટીસીએસ**, અત્યારે આ શેર શોર્ટટર્મ ઘટાડાના તબક્કામાં. રૂ. ૨૫૫૭ ઉપર છે અને આગામી દિવસોમાં શોર્ટટર્મ એંગલથી થોડો ઘટાડો બતાવે અને આ ઘટાડામાં લોંગટર્મ ઈન્વેસ્ટર માટે રોકાણ વધારવાનો સુંદર ચાન્સ.
- **અદાણીપોર્ટ**, એક્ઝિટ પોલમાં ભાજપની તરફેણના સમાચારને કારણે અદાણીના કાઉન્ટરોમાં પણ તેજી. ઝડપથી વધીને રૂ. ૪૦૪ ઉપર આવ્યો છે. જાળવી રખાય. મોસાળમાં જમણ અને મા પીરસનારી એટલા શબ્દોમાં તમે સમજી ગયા. આગામી દિવસોમાં ફરી એક વખત રૂ. ૪૨૪નો ભાવ જોવા મળવાની ગણતરી.
- **પાવરગ્રીડ**, ઘણાં સમય સુધી રૂ. ૨૦૪-૨૦૮ વચ્ચે અથડાયા કર્યો. અત્યારે ઘટીને રૂ. ૨૦૦ નજીક આવ્યો છે. કોઈ જ ઘટાડાનું કારણ ના હોવા છતાં આગામી દિવસોમાં એક વખત રૂ. ૧૮૫-૧૯૫ સુધી ઉતરી જાય તે સંભાવના પણ મજબૂત છે અને તે વખતે થોડાંક વધારે શેરો લઈને મૂકી દેજો.
- **યસ બેન્ક**, શેરના વિભાજન પછી અત્યારે રૂ. ૩૦૩ના આકર્ષક ભાવ ઉપર મળી રહ્યો છે. નફાશક્તિ જોરદાર અને વિદેશી સંસ્થાઓનું આકર્ષણ પણ આ શેર માટે એટલું જ જોરદાર છે. થોડાં થોડાં શેર કવર કરતા જજો. ૧૨ મહિને સુંદર રિટર્નની જગ્યા.
- **મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા**, ટ્રેકટરના વેચાણો જોરદાર અને તેની સીધી અસર આ વર્ષના નફા ઉપર દેખાશે. રૂ. ૧૪૩૫માં શોર્ટટર્મ માટે થોડાંક શેર લેવાય.


## DYNAMIC INDUSTRIES LIMITED

CIN : L24110GJ1989PLC011989
Regd Office :Plot No. 5501/2, Phase III, Nr. Trikampura Cross Road, G.I.D.C., Vatva, Ahmedabad - 382 445
Tel : 25897221-22-23, Fax: 25834292
Email : accounts@dynaind.com Website : www.dynaind.com

Extract of Standalone Unaudited Financial Results for the Quarter and half year ended on 30th September, 2017

(Rs. In Lakhs except earning per share)

| PARTICULARS | Quarter Ended on 30.09.2017 | Half Year Ended on 30.09.2017 | Corresponding quarter ended in the previous year 30.09.2016 |
|---|---|---|---|
| Total Income from the operations | 1307.35 | 2753.30 | 1251.58 |
| Net Profit/(Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items) | 79.62 | 170.05 | 66.97 |
| Net Profit/(Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items) | 79.62 | 170.05 | 66.97 |
| Net Profit/(Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items) | 49.88 | 117.07 | 42.97 |
| Total Comprehensive Income for the period [Comprising Profit/(Loss) for the period (after tax) and other comprehensive Income (after tax)] | 50.31 | 117.70 | 42.97 |
| Equity Share Capital | 302.85 | 302.85 | 302.85 |
| Reserves (excluding Revaluation Reserve) as shown in the Audited Balance Sheet of the previous year | 1920.06 | 1920.06 | 1761.81 |
| Earning per share (of Rs10 each) (for continuing and discontinued operations) | | | |
| Basic: | 1.65 | 3.87 | 1.42 |
| Diluted: | 1.65 | 3.87 | 1.42 |

**Notes:**

1. The above is an extract of the detailed format of Quarterly and Half Yearly Financial Results as per IND AS filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations & Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly Financial Results as on 30th September, 2017 are available on the Stock Exchange website (http://www.bseindia.com/corporates/ann.aspx?scrip=524818%20&dur=A) and on website of the company at (http://www.dynaind.com/investors_zone.html)
2. The above results were reviewed by the Audit Committee and approved by the Board at their meeting held on 14th December, 2017.
3. Transition to Ind AS

From 1st April, 2017, the Company has adopted accounting standards notified under Companies (Indian Accounting Standards) Rules, 2015 ("Ind AS"). Accordingly the relevant quarterly and annual financial results for the previous periods are restated as per Ind AS. The reconciliation of net profit and reserves as per Ind AS and previous GAAP ("Accounting Standard") for the relevant periods of the previous year is as follows:

| PARTICULARS | Profit reconciliation | |
|---|---|---|
| | Quarter ended 30.09.2016 | Half Year ended 30.09.2016 |
| **Net profit/ (loss) after tax/Reserve as per previous Indian GAAP** | 42.98 | 93.59 |
| Net gain/(loss) arsing on financial assets measures at fair value | - | - |
| Net gain/(loss) arsing on financial liabilities measured at fair value | - | - |
| Amortisiation of borrowing cost | (0.01) | (0.01) |
| Acturial (gain)/loss on employee defined benefit funds recognised in other comprehensive income | - | - |
| Other Adjustments | - | - |
| Deferred tax impact on Ind AS adjustments | - | - |
| Proposed Dividend | - | - |
| Dividend Distribution Tax | - | - |
| **Net profit after tax as per Ind AS/Reserve as per Ind AS** | **42.97** | **93.58** |
| Add: Other comprehensive income (after tax) | - | - |
| **Total comprehensive income / (loss) as per Ind AS** | **42.97** | **93.58** |

The Ind AS compliant financial results pertaining to the quarter and half year ended 30.09.2016 have not been subjected to limitied review or audit and have been presented based on the information complied by the management. However , the management has exercised necessary due diligence to ensure that such financial results provide a true and fair view of its affair in accordance with the Indian Accounting Standards (IND AS).

Date : 14th December,2017
Place : Ahmedabad

For, Dynamic Industries Ltd.
Sd/-
Dipakkumar Choksi
Chairman & Whole Time Director
DIN : 00536345


